**આંક–૪**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૬/૦૫/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૧૬/૦૫/૨૦૨૨ |
| ફૈંસલ તારીખ | ૧૧/૦૯/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ :૦૩ માસ:૦૩ દિન:૨૬ |

**મે. મજૂર અદાલત, સુરતના ઓથોરીટી અન્ડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.**

**પગારધારા અરજી નંબર : ૮૫/૨૦૨૨**

અરજદાર : **શ્રી ભુષણ પ્રસાદ શિબન મહતો**, ઉ.આ.વ.૪૭,
ઠે. ૩૨૦, અપેક્ષા નગર સોસાયટી, પાંડેસરા, સુરત–૩૯૪૨૨૧.
**C/o, ગુજરાત શ્રમજીવી કામદાર યુનિયન, રજી.નં.૫૬૦૨**
ઠે. પ્લોટ નં.૧૨, અંબિકા નગર, દક્ષેશ્વર નગરની બાજુમાં,
ગુ.હા.બોર્ડ રોડ, પાંડેસરા, સુરત.

**: વિરૂઘ્ઘ :**

સામાવાળા : **આર.બી.ટેક્ષટાઈલ્સ**
ઠે. પ્લોટ નં. ૧૦૪,૧૦૫, બીજો માળ, બાલાજી ઈન્ડસ્ટ્રીયલ–૨,
ઉધના મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૧૭.

હાજર રહયા : અરજદાર તરફે : યુ.પ્રતિનિધિશ્રી કલ્યાણભાઈ સહાણે (સોનાર)
સામાવાળા તરફે : કોઈ હાજર નથી.

**બાબત :– પગાર ચુકવણી ધારાની કલમ ૧૫ મુજબની અરજી.**

**:: ચુકાદો ::**

**(૧)** આ કામના અરજદારે પગારધારાની કલમ–૧૫ મુજબ અરજી કરી સામાવાળા પાસેથી અરજીના પેરા–૭માં દર્શાવ્યા મુજબ બાકી પગાર તથા અન્ય કાયદેસરના લેણાની માંગણી કરેલ હતી અને સામાવાળાએ તેઓની કાયદેસરની અરજીમાં જણાવેલી લેણી રકમ ગેરકાયદેસર કપાત કરી રોકી રાખેલ હોય તેથી તેની દશ ગણી રકમ વળતર સાથે ચુકવી આપવા અરજ ગુજારેલ છે. તેમજ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી આપાવવા તેમજ નામદાર ઓથોરીટીને યોગ્ય તે વધુ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે સામાવાળાને બેલીફ મારફત નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ આંક–૩ થી બજી ગયેલ હોવાનું શેરો જોતા જણાય છે. ત્યારબાદ સામાવાળા તરફેથી કોઈ જવાબ રજુ નહી થતા સદર કામે મારા પુરોગામીશ્રીએ પ્રોસીડીંગ લગત સામાવાળાનો લેખિત જવાબ રજુ કરવાનો હકક બંધ કરેલ છે.

(૩) ત્યારબાદ સદર કામ અરજદારના પુરાવા પર આવતા અરજદાર તરફેથી તેની અરજીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ રાખતા ન હોઈ જેથી આ કામે પ્રોસીડીંગ લગત અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદરહુ કામે સામાવાળાના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ. પરંતુ આ કામે સામાવાળા તરફેથી પણ કોઈ હાજર નહી રહેતા તેમનો પુરાવાનો હકક પણ પ્રોસીડીંગ લગત બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સદર કામ દલીલ ઉપર રાખવામાં આવેલ પરંતુ બન્ને પક્ષકારો તરફેથી દલીલના તબકકે પણ કોઈ હાજર રહેલ નથી.

(૫) આ કામે રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં આ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી આંક–૧ ની અરજીમાં જણાવેલી લેણી રકમ મેળવવા તથા માંગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ.

ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણય ::**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**મુદ્દા નં.૧–**

(૬) આ કામે અરજદાર તરફેથી હાલની અરજી સામાવાળા સામે તેમના બાકી તથા અન્ય

લેણી રકમ મેળવવા સારૂ પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ કરેલાની આંક–૧ ની અરજીમાં લક્ષમાં લેતા જણાય આવે છે.

આમ, સદર કામે અરજદાર પક્ષેથી તેમની અરજીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ રાખેલ હોય કે સોગંદ ઉપર જુબાની આપેલ હોય તેવુ રેકર્ડ જોતાં જણાઈ આવતું નથી. ત્યારબાદ સદર કામે અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવાનો હકક ખોલાવેલ હોય કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોઈ તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય તેમજ અરજદાર ધ્વારા તેની હાલની અરજીમાં માંગેલ રકમ સંદર્ભેની કોઈ હકીકત સોગંદ ઉપર પુરાવો આપી જાહેર કરેલ હોય કે પોતાની અરજીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ હોઈ તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય, આમ ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતા અરજદાર ધ્વારા તેની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ હકકદાર હોવાનું સાબિત કરી શકેલ ન હોવાનું અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવુ હોય જેથી હાલની અરજી મંજુર કરી ન્યાયોચિત જણાતી ન હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૧ થી, માહે–સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૫
સુરત.

**(હિતેન્દ્રભાઈ કરશનભાઈ મેરીયા)**
ઓથોરીટી,
વેતન ચુકવણી અધીનીયમ,
મજુર અદાલત નં.૨, સુરત.
(CODE NO GJ01279)